# 3 સરકાર




**3.1 વર્તમાનપત્રના સમાચાર**

તમે છાપાંઓમાં 'સરકાર' શબ્દ વારંવાર વાંચ્યો હશે અથવા રેડિયો કે ટી.વી. પર સમાચારમાં 'સરકાર' શબ્દ સાંભળ્યો હશે. સરકાર એટલે શું ? તેનાં કાર્યો અને તેનું આપણા જીવનમાં શું મહત્ત્વ છે ? એ વાત આપણે જાણીશું.

તમે જાણો છો દરેક દેશને જુદા જુદા નિર્ણયો લેવા માટે તેમજ તેનો અમલ કરવા માટે સરકારની જરૂર પડે છે. શાળાઓ, રસ્તાઓ ક્યાં બનાવવા ? ચીજવસ્તુઓના ભાવ વધારવા કે ઘટાડવા ? વીજળીની સુવિધાઓ કેવી રીતે પૂરી પાડવી ? વગેરે અંગે સરકાર નિર્ણય લે છે. સરકાર કાયદો બનાવનારી અને તેને અમલમાં મુકાવનારી સંસ્થા છે. દરેક દેશમાં સરકાર દ્વારા બંધારણ અનુસાર કાયદા બનાવવા, અમલમાં મૂકવા તેમજ તેમાં સુધારા કરવાનું કામ થાય છે. આમ, સરકાર ઘણાં મહત્ત્વનાં કાર્ય કરે છે. આપણે વર્તમાનપત્રમાં આવતા સમાચારોના આધારે સરકારનાં કાર્યો વિશે જાણી શકીએ છીએ.

**પ્રવૃત્તિ**

સમાચારપત્રોની હેડલાઈન વાંચો. સરકારનાં કામોની વાત જ્યાં કરવામાં આવી છે, તેના આધારે સરકાર શું કરે છે તેની યાદી બનાવો.

તમે બનાવેલ યાદીના આધારે તમે સમજી શક્યા હશો કે સરકાર ક્યાં ક્યાં કાર્યો કરે છે ?

## સરકારનાં કાર્યો :

સરકાર પણ એક 'સંચાલક મંડળ' છે. જે સામાન્ય રીતે લોકશાહીમાં લોકોની ઈચ્છા મુજબ વહીવટ ચલાવે છે. સરકાર ઘણાં લોકકલ્યાણનાં કાર્યો કરે છે. સરકાર આર્થિક તથા સામાજિક સમસ્યાઓના ઉકેલનું કાર્ય કરે છે. સરકાર દેશની આર્થિક સ્થિતિ, લોકોની ગરીબી, બેકારી વિશે તેમજ લોકોનાં શિક્ષણ અને સ્વાસ્થ્ય માટે ચિંતા કરે છે. સસ્તા અનાજની દુકાનો દ્વારા ખાદ્યસામગ્રીનું વિતરણ, શિક્ષણ સંસ્થાઓ, હૉસ્પિટલો, આપત્તિઓ વખતે સહાય, ન્યાયાલયની વ્યવસ્થા, વાહનવ્યવહારની વ્યવસ્થા, પોસ્ટ, રેલવેની સેવા જેવાં અનેકવિધ કાર્યો સરકાર કરે છે. સરકાર બીજા દેશો સાથે શાંતિપૂર્ણ સંબંધ રાખે છે.

## સરકારનું મહત્ત્વ :

સરકાર એટલા માટે જરૂરી છે કે તેણે બનાવેલા કાયદા, નિયમો બધા પર એકસરખા લાગુ પાડી શકાય. સરકાર કાયદા બનાવે છે અને તેનો અમલ પણ અધિકારીઓ, કર્મચારીઓ અને પોલીસો મારફતે કરાવે છે. જ્યારે લોકો સમૂહમાં હોય ત્યારે વ્યવસ્થા માટે નિયમો બનાવવા, નિર્ણયો લેવાનું કામ ખૂબ જ મહત્ત્વનું હોય છે. દેશમાં શાંતિ રહે, કાયદો અને વ્યવસ્થા જળવાય તથા દેશનો વિકાસ થાય તે માટે સરકારની અગત્યની ભૂમિકા છે.

**વિચારો : વર્ગખંડમાં ચર્ચા ગોઠવો**

- શું સરકાર વગર દેશનો વહીવટ સંભવી શકે ? હા કે ના ? શા માટે ?
- સરકાર દ્વારા લેવાયેલા કોઈ પણ બે નિર્ણયો નોંધો. આ નિર્ણયો તમને ગમ્યા કે ન ગમ્યા ? શા માટે ?
- દેશનો વહીવટ કેવી રીતે ચાલે છે ?

## વિવિધ સ્તરે સરકાર :

સરકારની જવાબદારી વિવિધ ક્ષેત્રે જુદી જુદી સુવિધાઓ આપવાની છે. આ બધી સગવડ–વ્યવસ્થા સરકાર કેવી રીતે કરતી હશે ? ભારત ખૂબ મોટો દેશ છે. એક જ સ્તરે અથવા સ્થળેથી વહીવટ કરવામાં આવે તો ઘણી મુશ્કેલીઓ સર્જાય અને નાગરિકોને અગવડ પડે. તેથી આપણે ત્યાં સરકાર અલગ અલગ સ્તરે કામ કરે છે. સ્થાનિક કક્ષાએ, રાજ્ય કક્ષાએ તેમજ રાષ્ટ્રીય કક્ષાએ. સ્થાનિક સ્તર કે કક્ષાનો સંબંધ ગામ, શહેર સાથેનો છે. રાજ્ય સ્તરનો અર્થ પૂરા રાજ્ય સાથેનો છે. રાષ્ટ્રીય સ્તરની સરકારનો સંબંધ આખા દેશ સાથેનો છે. આગળના પ્રકરણ-3માં તમને રાજ્ય સરકારનાં કાર્યો વિશે જાણકારી મળશે. આગળના ધોરણમાં તમને રાષ્ટ્રીય સરકાર એટલે કે કેન્દ્ર સરકાર (સંઘ સરકાર)ની જાણકારી મળશે.

## સરકાર અને કાયદો :

સરકાર કાયદાઓ બનાવે છે. આ કાયદાઓને દેશના બધા લોકોએ માન્ય રાખવા પડે છે. સરકાર કામ કરી શકે તે માટે કાયદો જ અગત્યનું સાધન છે. સરકાર પાસે જેમ કાયદો બનાવવાની સત્તા છે તે જ રીતે કાયદાનો અમલ કરાવવાની સત્તા પણ હોય છે. એક ઉદાહરણ લઈએ. રેલવેમાં મુસાફરી કરતી વખતે તમારી પાસે ટિકિટ હોવી જોઈએ. જો તમે વગર ટિકિટે મુસાફરી કરતાં પકડાઈ જાવ તો તમારે દંડ ભરવો પડે અથવા જેલમાં જવું પડે.

સરકાર કાયદેસરની કાર્યવાહી કરે, તે ઉપરાંત લોકોને લાગે કે કાયદાનું સારી રીતે અમલીકરણ નથી થઈ શકતું તો તેઓ પણ પોતાના પ્રશ્નો માટે અવાજ ઉઠાવી શકે છે; અદાલતમાં જઈ શકે છે. અદાલત સરકારને આ અંગે યોગ્ય પગલાં ભરવાનો આદેશ આપી શકે છે.

**વિચારો**

- શા માટે આપણે રાત્રે 10 વાગ્યા પછી જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકતા નથી ?
- શા માટે જાહેર માર્ગો પર ફટાકડા ફોડી શકાતા નથી ?
- શાળાનું કોઈ સમયપત્રક જ ન હોય તો શું થાય ?
- કાયદો શા માટે બનાવવો જોઈએ ?

**પ્રવૃત્તિ : ચર્ચાસભા યોજો**

- આપણે શા માટે કાયદાઓનું પાલન કરવું જોઈએ ?

**સરકારનાં અંગો :** તમે તારવ્યું હશે કે રાજ્ય પોતાનાં કાર્યો જે તંત્ર દ્વારા કરે છે, એ તંત્રને સરકાર કહેવામાં આવે છે. સરકાર દરેક રાજ્યનું એક આવશ્યક અંગ છે. સરકારે વિવિધ પ્રવૃત્તિઓ કરવાની હોય છે. સરકાર ધારા અથવા કાયદા ઘડે છે. કાયદાનો અમલ કરાવે છે. તે કાયદાના યોગ્ય અર્થ કરીને કે કાયદાની પૂર્તિ કરે છે અને ન્યાય આપે છે. પહેલા પ્રકારનું કાર્ય ધારાકીય છે, બીજા પ્રકારનું કાર્ય કારોબારીને લગતું છે અને ત્રીજા પ્રકારનું કાર્ય ન્યાયવિષયક છે. કાયદા ઘડવાનું કાર્ય કરતું અંગ એ વિધાન સભા (ધારાસભા) કહેવાય છે. ઘડેલા કાયદાનો અમલ કરવાનું કામ જે અંગ દ્વારા કરે છે તેને કારોબારી (વિધાન મંડળ) કહેવામાં આવે છે. ન્યાયવિષયક કામ કરનારું અંગ 'ન્યાયતંત્ર' કહેવાય છે, જે કાયદાનો ભંગ કરનારની સામે કામ ચલાવી સજા કરવાનું પણ કામ કરે છે.

**વિચારો**

- સરકારનાં આ અંગો કયાં કયાં છે ? તેમની જરૂરિયાત શા માટે છે ?
- જો ન્યાયતંત્ર ન હોય તો ?

ભારત વિશાળ દેશ છે. ભારત એ જુદાં જુદાં રાજ્યોનો બનેલો સંઘ છે. આ દેશનો વહીવટ સરળતાથી થાય તે માટે બંધારણે ભારતને સંઘરાજ્ય બનાવ્યું છે. આથી ભારતમાં સમવાયી એટલે કે રાષ્ટ્ર અને રાજ્ય એમ બે કક્ષાની સરકાર છે. રાષ્ટ્રકક્ષાની સરકારને 'કેન્દ્ર સરકાર' કે 'સંઘ સરકાર' કહે છે. તે સમગ્ર ભારતનો વહીવટ કરે છે. રાજ્યકક્ષાએ વહીવટ કરતી સરકારને 'રાજ્ય સરકાર' કહે છે. આપણે અહીં રાજ્ય સરકારનાં અંગોનો પરિચય મેળવીશું. ભારતના દરેક રાજ્યમાં ધારાસભા હોય છે. તે એક કે બે ગૃહોની બનેલી છે. નીચલું ગૃહ તે વિધાનસભા અને ઉપલું ગૃહ તે વિધાન પરિષદ કહેવાય છે. રાજ્યપાલનો પણ તેમાં સમાવેશ થાય છે. ગુજરાતની ધારાસભા માત્ર નીચલું ગૃહ ધરાવે છે. મોટા ભાગનાં રાજ્યોમાં વિધાન પરિષદ નથી.




3.2 રાજ્ય સરકાર

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

1. સરકારની જરૂર શા માટે છે ?
2. સરકાર ક્યાં ક્યાં કાર્યો કરે છે ?
3. ઘડેલા કાયદાઓનો અમલ ન થતો હોય અને તમને અન્યાય થાય તો તમે શું કરશો ?
4. ભારતમાં એક જ સ્થળેથી વહીવટ કરવો શા માટે શક્ય નથી ?

### 2. યોગ્ય જોડકાં બનાવો :

| અ | બ |
|---|---|
| 1. ગ્રામ પંચાયત | 1. પ્રાથમિક શાળામાં શિક્ષકોની નિમણૂક કરવી. |
| 2. તાલુકા પંચાયત | 2. ગામમાં સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા. |
| 3. જિલ્લા પંચાયત | 3. બે શહેરો વચ્ચે નવી ટ્રેન શરૂ કરવી. |
| 4. રાજ્ય સરકાર | 4. બે ગામ વચ્ચેના રસ્તા બનાવવા. |
| 5. કેન્દ્ર સરકાર | 5. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને અનુદાન આપવું. |

**આટલું જાણો**

- ખરડો કાયદો બને તે પહેલાં તેનું ત્રણ વખત વાંચન થાય છે :
  - પ્રથમ વાંચન : ખરડાના સિદ્ધાંતોની ચર્ચા.
  - બીજું વાંચન : ઝીણવટપૂર્વક અને ગંભીરતાથી ચર્ચા.
  - ત્રીજું વાંચન : કલમવાર ચર્ચા.
- વિધાનસભ્ય (ધારાસભ્ય) થવા માટે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ. તેની ઉંમર ઓછામાં ઓછી 25 વર્ષ હોવી જોઈએ.
- બંધારણની જોગવાઈ અનુસાર ભારતના કોઈ પણ રાજ્યની વિધાનસભાના સભ્યની સંખ્યા 500થી વધારે અને 60થી ઓછી ન હોવી જોઈએ.
- રાજ્યપાલ રાજ્યના પ્રથમ નાગરિક છે. રાજ્યની કારોબારીના બંધારણીય વડા છે. સમગ્ર રાજ્યનો વહીવટ તેમના નામે ચાલે છે. રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે તેઓ રાજ્યમાં કાર્ય કરે છે.